ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૯ ટકા

# માસ્ક : ભય દંડનો કે કોરોનાનો

ગાંધીનગર, તા.૨૯

દેશ સાથે નગરમાં પણ કોરોનાનો કહેર દિવસેને દિવસે વધતો જાય છે. કોરોનાથી બચવા માટે ઘરે જ રહેવું કે બહાર નીકળતા જ સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવું, સેનીટાઈઝરનો ઉપયોગ કરવા સાથે માસ્ક પહેરવું ફરજીયાત બન્યું છે ત્યારે સરકાર દ્વારા નગરમાં માસ્ક પહેરવું ફરજીયાત કરવામાં આવ્યું છે અને જે માસ્ક ન પહેરે તેમને ૨૦૦ રૂ. દંડ ભરવાનો નિયમ બનાવવામાં આવ્યો છે અને હાલની માહિતી મુજબ લગભગ તા. ૧ ઓગષ્ટથી શહેરમાં માસ્ક ન પહેરનારને ૨૦૦ રૂ.ની જગ્યાએ ૫૦૦ રૂ. દંડ ભોગવવો પડશે તેવી વાત ચર્ચાઈ રહી છે ત્યારે નગરજનો માસ્ક દંડના ભયથી પહેરે છે કે કોરોનાના ડરથી તે વિષય ઉપર ચર્ચા કરતા નગરના વિવિધ ક્ષેત્રો સાથે જોડાયેલ નગરજનો પાસેથી તેમનો મત જાણીએ.

●●●

કોરોના વૈશ્વિક મહામારી છે. ૨૦૨૦નું વર્ષ ટકી રહેવા માટેનું છે ત્યારે



આરોગ્ય વિભાગની ગાઈડલાઈનને અનુસરવું અનિવાર્ય છે. હાલ નાગરિકો મોઢા પર માસ્ક પહેરે છે પરંતુ કોરોના સામેના બચાવ કરતા દંડનો ભય મુખ્ય બની ગયો છે. આવા સંજોગોમાં સમાજના અગ્રણી રાજનેતાઓએ પણ માસ્ક પહેરીને નાગરિકોને હજુ જાગ્રત કરવા પણ અનિવાર્ય છે.

**- તુષાર બારોટ, પત્રકાર**

●●●

કોરોનાના કહેરથી બચવા માસ્ક પહેરવું અત્યંત અનિવાર્ય છે. માસ્ક પહેરવાથી કોરોના સામે રક્ષણ મળે છે





જયારે સામેવાળા વ્યકિતનું પણ પ્રોટેકશન થાય છે. કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે સંક્રમણ અટકાવવા માસ્ક પહેરવું અત્યંત જરુરી છે. નાગરિકોએ દંડથી બચવા માટે નહી પરંતુ પોતાની અને અન્ય નાગરિકોની આરોગ્ય સુખાકારી બાબતે સજાગ રહી માસ્ક તો પહેરવું જ જોઈએ.

**- મયંકસિંહ ચાવડા, રેન્જ આઈ.જી.**

●●●

કોરોનાના કહેર વચ્ચે માસ્ક વિના ફરતા નાગરિકો સામે તંત્ર એ કાર્યવાહી કરવાનું કહ્યું હતું. જેને અનુલક્ષી પોલીસ તંત્ર દ્વારા માસ્ક વિના ફરતા ભાઈ-બહેનો સામે દંડનીય કાર્યવાહી



કરવામાં આવી છે. જેથી નાગરિકોમાં જાગૃતતા આવી હતી. હાલના સમયે ઘરની બહાર નીકળતો દરેક નાગરિક માસ્ક પહેરીને નીકળે છે.

**- મયૂર ચાવડા, ગાંધીનગર જિલ્લા પોલીસ વડા**

●●●

માસ્ક એ અત્યારે શરીરના અંગ જેટલો જ ઉપયોગી થઈ ગયું છે અને દરેક



નાગરિકની ફરજ છે કે તેમણે માસ્ક પહેરવા જોઈએ. નગરમાં જાગૃત જનતા બિમારીના ભયથી માસ્ક પહેરે છે અને અજાગ્રત જનતા દંડના ભયથી માસ્ક પહેરે છે. આરોગ્યની સલામતી ઈચ્છતા હોવ તો કોરોનાનો ડર હોવો જરુરી છે અને એ ડરથી માસ્ક રક્ષણ આપે છે.

**- ઊર્વી રાવત, વિદ્યાર્થીની**

●●●

કોરોના શ્વસનતંત્રને અસર કરતો રોગ છે માટે તેને અટકાવવા માસ્ક પહેરવું અનિવાર્ય છે. આજકાલ જે કોરોનાના કેસની સંખ્યા વધે છે તેને જોઈને પણ સરકારે નિયત



કરેલા દંડથી ડરીને નહિ પરંતુ વાયરલ અને બેકટેરીયા તત્વોથી રક્ષણ મેળવવા માટે માસ્ક જરુરી છે.

**- ડો. નિશા ભીમાણી**

●●●

વેપારી તો પોતાની સેફ્ટી રાખે જ છે. ગ્રાહકો માટે પણ સેનિટાઈઝર ઉપલબ્ધ રહે જ છે. પણ નગરજનોમાં ૫ ટકા વર્ગ



એવો છે કે જે સેફ્ટી સાથે જ દુકાન પર આવે છે. વધુ ભીડ થાય તો અમે ગ્રાહકોને દૂર ઉભા રહેવા કહીએ છીએ. માસ્ક ન પહેર્યુ હોય તો ટોકીએ છીએ. એમ કહેતાય ૬૦ ટકા જનતા રૂટીનમાં માસ્ક પહેરે છે બાકીના નાકની નીચે માસ્ક રાખે છે. એટલે મારા હિસાબે તો દંડ વધારાશે તો જ જનતા સતર્ક રહેશે.

**- સચિન ઠક્કર, વેપારી**

●●●

મારા મતે તો દંડના ડરથી જ બધા માસ્ક પહેરે છે કોરોના ડરથી પહેરતા જ નથી. ભાગ્યે જ ૩૦ ટકા માસ્ક પહેરતા હશે



બાકીના ૭૦ ટકા તો નથી જ પહેરતા. જે માસ્ક વગર અમારે ત્યાં આવે તેમને અમે આવવા નથી દેતા. દંડ વધુ લેવાય તો કાંઈ ખોટું નથી. જો દંડ ન હોય તો નગરજનો માસ્ક પહેરે જ નહિ.

**- બીના રાજપૂત, બ્યુટીશીયન**

●●●

શાક માર્કેટમાં શાક લેવા આવનાર ગ્રાહકો માસ્ક પહેરે છે. અમુક રૂમાલ પણ બાંધે છે અને રૂમાલ નાક નીચે ઉતરી જાય છે એટલે કાંઈ ફર્ક પડતો નથી. એટલે



જે માસ્ક ન પહેરે એમને સબક મળે તે માટે દંડ હોવો જ જોઈએ.

**- રવિભાઈ પટણી, શાકભાજીના વેપારી**

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા શિવપૂજાની અનોખી પહેલ



ગાંધીનગર, તા.૨૯

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા શ્રાવણમાસમાં શિવ મહિમ્ન અને રૂદ્રાભિષેકના પાઠ કરવાની પરંપરા છેલ્લા ઘણા વર્ષોથી અવિરતપણે ચાલતી આવી છે.

જેમાં સમાજના અલગ અલગ પરવારોને ત્યાં પ્રતિદિન ઉત્સાહી મહિલા પાંખની બહેનો જઈને પાઠ કરતી હોય છે.

આ વર્ષની કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં શિવ મહિમ્નના પાઠ પ્રત્યક્ષરૂપ ભેગા થઈને કરવા હિતાવહ નથી તે જોતાં અને ભગવાન શિવની આરાધના ખંડિત ન થાય તે માટે શ્રાવણ માસના પહેલા સોમવારે બ્રહ્મસમાજ મહિલા પાંખની બહેનોએ ઓનલાઈન ભેગા થઈને શિવ મહિમ્નના પાઠ કર્યા હતા.

કોરોના કદાચ મંદિરના દ્વાર બંધ કરાવી શકે પરંતુ ભકતોની શ્રધ્ધા પર કોઈ તાળાબંધી ના જ કરી શકે તે બ્રહ્મસમાજ મહિલા પાંખની બહેનોએ સાબિત કરી દીધું છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મહિલા પાંખના પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ અને મંત્રી વિમળાબેન અયાચી મારફતે કરવામાં આવ્યું હતું.

# ગ્રાહકોને ફટકારવામાં આવેલા તોતીંગ વિજબિલ તથા ગેસબિલથી મધ્યમ વર્ગની હાલત કફોડી...!!

### લોકડાઉનમાં સરકારની રાહતો માટે જાહેરાત છતાં જીએસપીસી દ્વારા ધરાર દંડ ફટકારવામાં આવ્યો : વિજળી બિલમાં પણ તોતીંગ વધારા સાથેના બિલથી ગ્રાહકોમાં રોષની લાગણી

ગાંધીનગર, તા.૨૯

એક તરફ ગાંધીનગર કોરોના મહામારીના કાળમુખા સંકજામાં સપડાયું છે અને લોકડાઉનના કારણે વેપાર-ધંધા વગેરેમાં મંદીના ઓળા ઉતરી રહ્યા હોવાથી ખાનગી એકમોમાં કર્મચારીઓના પગારમાં કટૌતી તથા નોકરીમાંથી છટણી જેવા પગલાં લેવાઈ રહ્યા છે જેના કારણે મધ્યમવર્ગ ભારે આર્થિક ભીંસ અનુભવી રહ્યો છે. લોકડાઉન દરમિયાન સરકાર દ્વારા વિજબિલ-ગેસબિલ, બેંક લોન વગેરે ભરવામાં રાહત આપવા સાથે તેની ચુકવણી માટે સમય વધુ આપવાની ગુલબાંગો પણ પોકારવામાં આવી હતી પરંતુ બીજી તરફ પ્રજાને 'પડયાં પર પાટું' ની જેમ ગેસબિલ-વિજબિલ વગેરે મનઘંડત આકારણી કરીને મોકલી આપવામાં આવ્યા હોવાની તથા ગેસ બિલનું ચુકવણું સમયસર નહી કરી શકનાર ગ્રાહકોને દંડ ફટકારવામાં આવ્યો હોવાની રાવ ઉઠવા પામી છે જેના કારણે પ્રજામાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

ગાંધીનગરમાં જીએસપીસી દ્વારા માર્ચથી મે માસના ગેસબિલમાં લૉકડાઉનના કારણે મીટર રીડીંગ કરવાનું ટાળીને સરેરાશ વપરાશના આધારે બિલ બનાવવામાં આવ્યા હતા જેની ગ્રાહકોને એસએમએસ દ્વારા જાણ કરવામાં આવી હતી. જોકે અનેક ગ્રાહકોને આ બિલનો એસએમએસ મળ્યો નહી હોવાની કે લેટ મળ્યો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે પરંતુ આ સમયગાળા



દરમિયાન ખૂબ જ કડક લોકડાઉન હોવાથી મોટાભાગના વેપાર-ધંધા-વ્યવસાય-નોકરી બંધ હતા અને જેને કારણે મધ્યમવર્ગીય પ્રજાને કમરતોડ આર્થિક ફટકો સહન કરવાનો આવ્યો છે. આ બાબતને અનુલક્ષીને તે સમયે સરકાર દ્વારા કોઈ પણ સુવિધામાં મોડું ચુકવણું કરનારનો દંડ નહી વસુલવાની જાહેરાત કરવામાં આવી હતી, એટલે સુધી કે બેંક લોનના હપ્તાના વ્યાજમાં પણ રાહત આપવા સાથે દંડનીય વ્યાજમાંથી માફી જેવી જાહેરાતો પણ કરવામાં આવી હતી. આમ છતાં જીએસપીસી દ્વારા આ બિલનું ચુકવણું નહીં કરી શકનાર ગ્રાહકોના જુન જુલાઈના બિલમાં રૂ. ૭૫નો દંડ 'વ્યાજ/વધારાની રકમ'ના હેડ હેઠળ ગ્રાહકોને ફટકારવામાં આવ્યો છે. જીએસપીસી દ્વારા આ કટોકટી કાળમાં પણ 'લેટ ફી' જતી કરવા જેટલી પણ સહાનુભૂતિ નહીં દાખવવા બદલ ગ્રાહકો દ્વારા ફિટકાર વરસાવવામાં આવી રહ્યો છે અને આ રકમ આગામી બીલમાં મજરે આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

બીજી તરફ વિજ કંપનીઓ દ્વારા પણ વિજબિલમાં તોતીંગ વધારા સાથેના બિલ ગ્રાહકોને પકડાવી દેવામાં આવ્યા છે જેના કારણે કોરોના મહામારીમાં આર્થિક રીતે પાયમાલ થઈ ગયેલા મધ્યમવર્ગીય પરિવારોને જયાં અત્યારે 'બાર સાંધતા તેર તુટે' તેવી સ્થિતિ છે તેમાં વધુ એક મોટો ફટકો પડયો છે જે આર્થિક બોજ વધારવા સાથે સાથે નાગરિકોના માનસિક તણાવમાં પણ ઉમેરો કરી રહ્યો છે. સરકાર દ્વારા વિજળી અને ગેસના બિલોમાં કંપનીઓ દ્વારા કરાઈ રહેલી આ મનમાની સામે પગલાં લઈ સત્વરે રાહત જાહેર કરી તે ગ્રાહકો સુધી પહોંચે તે રીતે માનવીય અભિગમ દાખવવામાં આવે તેવી નાગરિકોમાં માંગ પ્રવર્તી રહી છે.

# લકઝરી બસમાં મુસાફર પાસેથી દારૂનો જથ્થો મળી આવ્યો

### મહુંધરા ગામેથી પોલીસે બે બોટલ જપ્ત કરી ૪ વ્યકિત સામે ગુનો નોંધ્યો

ગાંધીનગર, તા.૨૯

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસ વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે સમયે ખાનગી રાજસ્થાન પાર્સિંગની લકઝરી બસના મુસાફર પાસેથી દારૂનો જથ્થો ઝડપાયો છે. પોલીસે લકઝરી બસમાં ચેકીંગ હાથ ધરતા મુસાફરની સુટકેશમાંથી દારુનો જથ્થો મળી આવ્યો હતો. મુસાફરનું નામ પુછતા તે મનસિંહ ઉર્ફે રઘુ ઓમપ્રકાશસિંહ રાજોરા (ઉં.૨૬ ઈન્દ્રપુરા રાજસ્થાન) હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે રૂ.૧૮,૬૩૦ની કિંમતનો દારૂનો જથ્થો કબ્જે લઈને આરોપી વિરુધ્ધ પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ જયારે બીજા બનાવમાં મહુંધરા ગામ ખાતેથી દારૂની બે બોટલ જપ્ત કરીને પોલીસે ૪ વ્યકિત સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. રાત્રીના ૯ વાગ્યાની આસપાસ ચિલોડા પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે સ્ટાફના જવાનોએ મહુંધરા પાટીયા પાસેથી એક એકટીવા ચાલકને પકડી પાડ્યો હતો. એકટીવાની ડેકી ચેક કરતા અંદરથી દારૂની એક બોટલ મળી આવી હતી. જેથી પોલીસે પરબડીવાળા વાસમાં રહેતા સંજય રણજીતસિંહ ઠાકોર (ઉં.૩૦)ને દારૂ અંગે પુછપરછ કરી હતી. જેમાં તેણે મહુંધરા દરબારવાસમાં રહેતા સુરજસિંહ ઘનશ્યામસિંહ સોલંકી (ઉં.૨૪) તેમજ કેતનસિંહ ઘનશ્યામસિંહ સોલંકી (ઉં.૨૫) પાસેથી દારુ લાવ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે બંન્ને સ્થળે રેઈડ પાડીને બે ભાઈઓ મળી આવ્યા હતા. તેઓની પાસે રહેલી એકસેસની ડેકીમાંથી એક બોટલ મળી આવી હતી.બંને ભાઈઓએ ચિલોડા ખાતે અંબાલાલ જવાનજી ઠાકોર પાસેથી દારૂ લાવ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે રૂ.૧ હજારની કિંમતનો દારૂ, રૂ.૨૫ હજારનું એકટીવા અને રૂ.૨૫ હજારનું એકસેસ, એક ફોન મળી કુલ રૂ.૫૩ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. ચાવડા પ્રહલાદજી બાલુજી, ઉ.વ. ૭૮, ગામ વસાઈ, જી. મહેસાણા
- સ્વ. પંચાલ અમૃતલાલ મણીલાલ, ઉ.વ. ૬૪, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. અમરતભાઈ ગંગારામભાઈ પટેલ, ઉ.વ. ૭૨, મુ. મારૂસણા, જી. અમદાવાદ
- સ્વ. ઓમપ્રકાશ શાંતિલાલજી યાદવ, ઉ.વ. ૬૧, રાયસણ, ગાંધીનગર
- સ્વ. રૂપાબેન પ્રવિણચંદ્ર દરજી, ઉ.વ. ૬૯, માણસા, જી. ગાંધીનગર



ગાંધીનગર શહેર કોંગ્રેસના મહામંત્રી તથા યુવા બ્રહ્મ અગ્રણી ઉર્પલ જોષીએ પોતાનો જન્મદિવસ સેકટર-૧૬ ખાતેના સોમનાથ મહાદેવ મંદિરે પૂજા કર્યા બાદ વૃક્ષારોપણ કરી ઉજવ્યો હતો. આ શુભ કાર્યમાં તેમના ધર્મપત્ની અને ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૭ના સક્રીય મહિલા કોર્પોરેટર હિરલબેન જોષી પણ જોડાયા હતા. કોવિડ-૧૯ના પગલે ઉર્પલ જોષીએ પોતાનો જન્મદિવસ સાદગીથી ઉજવવા સાથે પર્યાવરણના જતનનો ઉપયોગી સંદેશ પણ પાઠવ્યો હતો.

# વન્યજીવોને રંજાડવા-શિકાર કરવો તે જેલ-દંડની સજાપાત્ર ગુન્હો બનશે

### રાજયના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડને ચેતવણી જાહેર કરી : વન્યજીવ પ્રેમીઓમાં 'દેર આયે પર દુરસ્ત આયે' જેવી લાગણી : જો કે ચકચારી ચિલોત્રો કાંડમાં ઢાંક પિછોડાની આશંકા

ગાંધીનગર, તા.૨૯

તાજેતરમાં ગાંધીનગર સહિત રાજયના અનેક ભાગોમાં આરક્ષિત કરેલ વન્યજીવોને રંજાડવાના અનેક કિસ્સા સામે આવ્યા છે. જેમાં પાટનગરમાં રાજયના વન વિભાગની મુખ્ય ઓફિસ અરણ્ય ભવન સામે દુર્લભ પક્ષી ચિલોત્રોના માળાની ફોટોગ્રાફી કરવાને કારણે સર્જાયેલા ચકચારી 'ચિલોત્રો કાંડ' બાદ ઈડર પાસેના લાલપુરથી ઝડપાયેલા 'ઘુવડ કાંડ' વગેરે જેવા કિસ્સાઓનો સમાવેશ થાય છે. આ સંદર્ભે રાજયના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન દ્વારા વન્ય પ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ અંતર્ગત વિવિધ અનુસૂચીઓમાં સમાવિષ્ટ તમામ વન્યપ્રાણીઓને રંજાડવા, તેમનો ગેરકાયદે શિકાર કરવો તેમને પકડવા, તેમના અંગઉપાંગોનું કે તેમાંથી બનાવેલ ચીજવસ્તુઓનું વાહતુક ખરીદ વેચાણ કરવા અથવા તેમને ગેરકાયદે બંધનાવસ્થામાં રાખવા અંગે ગુના સબબ સાત વર્ષ સુધીની જેલ અને રૂ. ૨૫ હજાર સુધીના દંડની જોગવાઈ હોવાની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

વન્ય પ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ અનુસાર નીલગાય (રોઝ), કાળિયાર, ચિંકારા, જંગલી સસલા, કાંટા શેળો, શાહુડી, જળબિલાડી, વરૂ (નાર), ઝરખ, શિયાલ, લોંકડી, પાટલાઘો, વિવિધ પ્રકારના સાપ, અજગર, સાંઢા, કાચબા, પોપટ, ઘુવડ, મુનિયા, તેતર, વિવિધ બતકો, મોર વગેરેના રંજાડ-શિકાર સહિતની પ્રવૃત્તિઓ પર જેલની સજા તેમજ દંડની સજા પાત્ર ગુનો બને છે. આ ગુનાહિત પ્રવૃત્તિ કરતા વ્યકિતઓની માહિતી કે બાતમી વન વિભાગના વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલના મોબાઈલ નં. ૯૭૨૭૭૨૭૮૨૬ તેમજ પોલીસ ખાતાના સીઆઈડી ક્રાઈમ કન્ટ્રોલ રૂમના ટેલિફોન નં. (૦૭૯) ૨૩૨૫૪૩૮૦૫૨ સંપર્ક સાધવા વિનંતી જાહેર કરવામાં આવી છે. ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનના આ પગલાંને વન્યજીવ પ્રેમી દ્વારા આવકારવામાં આવ્યું છે. જો કે ગાંધીનગરના ચિલોત્રો કાંડ મામલે તપાસમાં કોઈ અગમ્ય કારણોસર ભીનું સંકેલી ઢાંકપિછોડો કરાઈ રહ્યો હોવાનું વનયજીવ પ્રેમીઓને અનુભવાઈ રહ્યું છે. કેમ કે તે પ્રકરણની તપાસમાં શું તથ્યો અને તે કયા આધારે પ્રાપ્ત થયા તે અંગે કોઈ સ્પષ્ટતા જાહેર કરવામાં આવી નથી જેથી તે અંગે તપાસ અધિકારી દ્વારા નિષ્પક્ષ રીતે તપાસ થાય અને તેનો રિપોર્ટ જાહેર કરાય તેવી અપેક્ષા વન્યજીવપ્રેમીઓ સેવી રહ્યાં છે.



શહેરમાં સ્ટ્રીટલાઈટના નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે અને સ્ટ્રીટલાઈટના નવા પોલ નાંખવામાં આવી રહ્યા છે. આ નવા વીજપોલ અગાઉના પોલ કરતા થોડી વધુ ઉંચાઈ ધરાવે છે જેને કારણે તેને નિયત જગ્યાએ સ્થાપિત કરવા જેસીબી મશીનની મદદ લેવામાં આવી રહી છે.